श्री [illegible] नमः

[illegible]

[illegible]

જૈન બાળ [illegible] તરંગ

જૈન સ્તવનાવલી.

છાપી પ્રસિદ્ધ કરનાર,

જમનાદાસ પિ. મોતીચંદ.

[illegible] નં. ૪૯—મુંબઈ.

[illegible]

સંવત ૧૯૫૫—સને ૧૮૯૯.

મુંબઈ.

કીમત બે આના.

श्री परमात्मने नमः

ॐकार बिंदुसंयुक्तं, नित्यं ध्यायंति योगिनः
कामदं मोक्षदं चैव, ॐकाराय नमोनमः

જૈન બાળ હૃદય તરંગ

જૈન સ્તવનાવલી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

જમનાદાસ વિ. મોતીચંદ.

ફ્રીયર રોડ, કોટ, ૮૫,—મુંબઇ.

મોતીવિલાસ—માંગરોળ.

આ ચોપડીની કુલ આવક ધાર્મિક ખાતામાં વાપરવાની છે.

સંવત ૧૯૬૫—સને ૧૯૦૮.

મુંબઇ.

કીંમત ત્રણ આના.

જૈન પ્રીન્ટીંગ વર્ક્સ લિમીટેડ મુંબઇ.

અર્પણ પત્રિકા.

પૂજ્ય પિતાશ્રી મોતીચંદ દેવચંદ,

મારી શિશુ વયથી અદ્યાપિ પર્યંત મારા ઉપર આપની
નિરંતર પ્રેમાળ લાગણીથી સ્ફુરિત થએલી પિતૃ
ભક્તિના ચિન્હ તરીકે પરમ કૃપાળુ પરમેશ્વર
પ્રતિ આપની દ્રઢ આસ્થા અને અચળ
ભક્તિભાવને અનુકૂળ મારા પ્રથમ
પ્રયાસનું ફળ આપના ચર-
ણારવિંદમાં અર્પણ
કરી કૃતાર્થ
થાઉં છું.

લી. આપનો બાળક,

જમનાદાસ.

પ્રસ્તાવના.

આ લઘુ પુસ્તકનો આશય અને ઉપયોગિતા તેના વિષય પરથી સ્પષ્ટ રીતે જણાશે. તેમ છતાં તે સંબંધી પ્રાસ્તવિક બે બોલ લખવા કર્ત્તા ઉચિત માને છે. કૃતિના કદ, વિષયની સામાન્યતા, અને ભાષાની સરળતા ઉપરથી એટલું તો સહજ દેખાશે કે તે બનાવવામાં અને બહાર પાડવામાં કર્ત્તાનો હેતુ પોતાની વિદ્વતા દર્શાવવાનો નથીજ. પ્રભુભક્તિના સ્વાભાવિક ઉભરાને આ લઘુ કૃતિના આકારમાં મુકી જનસમુહનો બનતી સેવા કરવાનો કર્ત્તાનો મુખ્ય ઉદ્દેશ છે. આધુનિક સમયમાં ઐહિક સુખમાં લુબ્ધ થએલા આપણા ઉછરતા યુવક વર્ગને સાંસારિક અને વ્યવહારિક પરિસ્થીતિના પરિણામે નાટક ચેટકના રાગો ચિત્તાકર્ષક લાગે છે. આપણા યુવક વર્ગની આ સ્થીતિના સારાસરનો વિચાર અત્ર અસ્થાને ગણાય; પરંતુ માનસિક પૃથક્કરણને પરિણામે આપણા યુવક સમુહને પ્રભુસ્તવનના ઉચ્ચ માર્ગ પર દોરવવાનો તથા નાટકના રાગોથી આગમમાં જોડવાનો નમ્ર અભિપ્રાય અને નમ્ર પ્રયત્ન વાંચક વર્ગ ધ્યાનમાં રાખશે. તો કર્ત્તા પોતાનો શ્રમ ફળીભૂત થએલો માનશે.

માંગરોળ જૈન પાઠશાળાના માસ્તર રા. રા. દુલ્લભદાસ કાળીદાસે આ પુસ્તકમાંના સ્તવનોમાં યોગ્ય સુધારા કરી તનમનથી જે મદદ આપી છે, તેને માટે કર્ત્તા તેમનો ખરા અંતઃકરણપૂર્વક આભાર માને છે.

માંગરોળ,
મોના વિલાસ

લી० જમનાદાસ વિ. મોતીચં

જૈન બાળ હૃદય તરંગ જૈન સ્તવનાવલી.

૧

કોમળ કાયા કાં કરમાવો—એ રાગ. (નંદબત્રીસી)

પરમ પરમાત્મ પાર્શ્વનાથની સેવા લાગે વ્હાલી.
અજબ અનુપત્ર મૂર્તિ મોહક નીરખી જાઉં બલીહારી.
નાગ એકલો બળતો ઉગારી, પૂર્ણ પ્રતાપી પરચો બતાવી;
  પાપ સંતાપ નીવારી. પરમ.

શિવગતિગામી અંતરજામી તરણુ તારણુ વિખ્યાતા.
અજ અવિનાશી વિપદ વિનાશી અજૂ અમર જગદાધાર.
રસિક સ્તવન ઉલ્લાસથી ગાઉં, હૃદયકમળમાં ધૂન મચાઉં;
  તુજ પદ કજ મન મેલી. પરમ.

૨

કોમળ કાયા કાં કરમાવો—એ રાગ.

વીર જીનેશ્વર કૃપાળુ દેવ તું ભવ કુપથી લે ઉગારી.
પરદુઃખભંજન નાથ નીરંજન તનમનથી જાઉં વારી.

મોહાદિક અરી જીતિ સ્વામી, ચંદનબાળા કરી શિવગામી;
ગહન ગતિ તુજ ન્યારી. વીર જીનેશ્વર.
કાળ અનંતા ભમી ભમી ભટકયો આવ્યો શરણે તારા.
મનુષ્ય જન્મ મુજ સફળ કરીને પામીશ ભવનો પારા.
નીશદિન ગુણુ હું તેરા ગાઉં, રટણુ રાતદિન હૃદયે લગાઉં;
પ્રણમું દ્વય કર જોડી. વીર જીનેશ્વર.

૩

કુમકુમ પાય ધારીરે—એ રાગ. (નંદબત્રીસી)

મરૂ મરૂ થઇ રંહ્યા જાગી લે, દુર્લભ નર જન્મ સાધી લે;
શુભ કર્મ કરી લે સંસારે,
તું પામ્યો દેહ સુધારી લે— મરૂમરૂ.
ભાવ ભકિત વેલી સિંચવા ભજી લે,
સિદ્ધો સુખની તૃષા છીપાવા રટી લે,
જીન વચનામૃત સારરે,
શીરપર ધારી, મોક્ષ વધૂ તું વરી લે.— મરૂમરૂ.

૪

આ સ્વપ્ના સમ સંસાર—એ રાગ. (નંદબત્રીસી)

આ મૃગજળ સમ સંસાર, સમજી લેને દાના.
દુર્લભ માનવ અવતાર, પામી સુધારી લે શાણા.

બાલપણું કાં વ્યર્થ ગુમાવે,
જુવાની જોશથી ધર્મ ન ધ્યાવે;
વૃદ્ધપણાયે, મરણાંત કાળે,
ભજ તું શ્રી જીનરાજરે. આ મૃગજળ.

મરણ તને અણચિંતવ્યું આપે,
સમજ સમજ કિંચિત મન માંહે;
નાગકેતુ પેરે ભાવથી લ્હેરે,
ઘટઘટમાં પ્રગટાવરે. આ મૃગજળ.

૫

શ્રી હરિભજન વિના, સુખ ના સાહેલી—એ રાગ. (મદાલસા.)

શ્રી પ્રભુ ભજન વિના સુખ ના આ ભવ મહિં;
છે સ્વાર્થિ જગતના લોક મુવે મૂકેપર હરી. શ્રી પ્રભુ.
નિકાચિત્ત પુણ્ય જે આપણા હશે;
ભવ સમુદ્ર તરવા કાજ બેલી રૂપ થશે. છે સ્વાર્થી.
કરૂણાસાગર કૃપાળુ દયા દાન તું દેજે;
સરળ શરણાંગત સેવકને સ્હાય તું થજે. છે સ્વાર્થી.

૬

મસ્ત બનીને વનવન ફરીયે—એ રાગ. (મદાલસા.)

નેમ પ્રભુના દર્શન કરવા ચાલો જઈએ સાથ;
પૂજન નવે અંગે કરી ગુણ ગાઇએ એના આજ. નેમ પ્રભુના.
તોરણ આવીચલે રથ ફેરી સુણી પશુકી પોકારી;
નોતમ નારી રાજુલ છોડી થયા બાળથી બ્રહ્મચારી. નેમ પ્રભુના.
શેસાવન જઇ સંજમ લઇને પામ્યા કેવળ જ્ઞાન;
એવા શિવગામી જીનવરને નિત્ય કરો પ્રણામ. નેમ પ્રભુના.

૭

વટ સાવિત્રી વ્રત આજ પૂરણ કરીયેરે—એ રાગ. (ચંદ્રહાસ)

ચાલો ચાલો સજજન સહુ સાથ પ્રભુ પાયે નમીએરે;
કરી પૂજન એનું આજ દુઃખ સહુ હરીએરે.
મળી અરસપરસ ભવ્ય સ્વામી ધ્યાન ધરીએરે;
હર્ષે તાળી વગાડી હાથ જીન ગુણ ગાઈએરે.
એકાગ્રચિ-તે દીનાનાથને સ્તવો;
માગીએ છે મુખથી મહારાજરે, અમને સંસારથકી તારજો તમો.
પાપીને પાપથી ઉગારજો વિભુ તાર્યાં અગણીત નરનારજો—અમને.
શીતલ ચંદન ઘસી મન ચંગે, પુષ્પ શૃંગાર ધરી પ્રભુ અંગે;
સ્તવન ગાઓ ઉમંગે, દર્શન કરી શુભ રંગે. ચાલો ચાલો.

૮

ઉર માં તું દિલ સાથ—એ રાગ. (ચદ્રહાસ).

ધ્યાવું હું હું ધ્યાન તમારૂં શાંતિનાથ મહારાજ.
મારાં સારો સઘળાં કાજ—તમારૂં શાંતિનાથ.
આંગી અનોપમ અજબ બની છે,
શાંત છબી તુમ શોભી રહી છે,
ગુણનિધિ ગુણીયલ ગુણી છે,
મુખ મુદ્રા અવિકારી ખરી છે,
સફળ ઘડી આજની થઈ છે,
હાંરે પ્રભુ તારો ગરીબ નિવાજ—તમારૂં શાંતિ.

૯

માઝી કાંઇ ન સુઝે—એ રાગ. (રાજતરંગ)

રાજી થઈ ચાલો ઉમંગે, નવ નવ રંગે, જીન મંદિર જઇએ;
અંગલૂણા ત્રણે ભાવે કરી નવ અંગે પુજન કરીએ. રાજીથઈ.
જ્ઞાન વરાગની વાત વિના ભવજળ કયાંથી તરીએ,
મોહના થકિને પાસ પડી પાપ કર્મ સાથી ચૂરીએ,
શાસન નાયક નામ સમરતાં મોક્ષ મ્હેલ મહાલીએ-રાજીથઇ.

૧૦

આફત આવી ભાન ભૂલાવી—એ રાગ. (રાજતરંગ)

દિલ સુખકારી, દયા દીલધારી, ભજીલો મુર્તિ જયજયકારી.
મુકિતપુરી બાગની એ છે રૂડી કયારી મોહનવેલી મન હરનારી.
સમાધિ ધ્યાનમાં, દીપી રહેલી, સંકટ વૃક્ષને
નાખે ઉખાડી—દિલ.
એનાં દર્શન આનંદ થાયે સહુના મનમાં હરખ ન માયે;
ભાવ ધરી જો ભાવનો ભાવો આતમ આનંદ
પ્રેમથી પાવો—દિલ.

૧૧

ખુશી ખુશીરે સઘળા સજ્જનો—એ રાગ. (રાજતરંગ)

ખુશી ખુશીરે મૃદુ મન મારૂંરે (૨)
પાર્શ્વનાથ પાય પ્રેમ લાગીને–ખુશી ખુશી.
મોહનગારી મૂર્તિ તમારી સૌને લાગે આનંદકારી,
વાહ બલીહારી મંગળકારી જાઉં મનથી વારીવારી–ખુશી.
વારી જાઉં જીનરાજ પર ઓવારણા લઊં હર્ષથી,
દિલભર દર્શન દીલે ધરી સંતોષ આપો સંગથી–ખુશી.
કીટધા કીટ કીટતા કીટ તાલ લઊં તકતાનથી,
નીશદિન ધ્યાવું ધ્યાનથી મજકુર જીનને માનથી–ખુશી.

૧૨

ચાલો સાહેલી—એ રાગ. (સૌભાગ્ય સુંદરી.)

ચાલો આનંદે આદેશ્વરના સહુ મળીને દર્શન કરીએ.
ભવ દુઃખ ભંજન, જગદાનંદન, એવા જીનંદને વંદન કરીએ.
ભાવ ધરી જો પુજન કરીએ તો ભવજળધિથી તરીએ;
અત્તર ચંદન કેશર વિલેપન અર્ચન કરીને મન ઠરીએ.
મોગર ગુલાબના પુષ્પમાળથી જીનને વધાવી દુઃખ
દૂર કરીએ—ચાલો.

૧૩

મારા તનમાં તનમાં—એ રાગ. (સૌભાગ્ય સુંદરી)

મોહે તારોજી તારોજી કૃપા કરીને તરણુ તારણુ જીનરાજજી.
માનવ ભવમાં ભમતાં ભમતાં ઉગારોને કૃપાકારી.—મોહે.
કાળ અનાદિ રખડી રખડી કયાંઇ ન લાગ્યો થાક;
કયારે શિવ રમણી ગાઢીશ ગોતી;
આશ ખરેખર મોટી.—મોહે તારોજી.

૧૪

મને સહાય કરશે—એ રાગ. (વિક્રમચરિત્ર)

વિભુ વ્હારે ચઢો વીર સ્વામીરે,

અર્જ લેજો ઉર ધારી સ્વિકારી.
ગૌતમ રૂષીને તારી, ધર્મ દીપાવી
દીધું ગણધર પદ હિતકારી–વિભુ.
ચંદન બાળાને દુઃખથી ઉગારી,
જ્ઞાન નાગને દીધું જયકારી;
પૂર્ણ પ્રકાશીત, સ્વધર્મ આસ્તિક,
થાજો સદા સ્હાયકારી–વિભુ.

૧૫

એ......માથે મટુકી—એ રાગ. (વિક્રમચરિત્ર)

એ ....પ્યારા શત્રુંજય પર જાઉં.
દાદાજી ભેટી ઉર સાગર ઉલ્લસાઉં—એ....પ્યારા.
ક્ષીરોદક જળ ભરી ઉમંગે, પૂજન પ્રેમે કરી સુરંગે;
પુષ્પોના હારો ચઢાઉં—દાદાજી.
શોભા એ ગિરિવરની સારી, લાગે છે મુજ આનંદકારી;
સોભાગી સાહેબ ધ્યાઉં—દાદાજી.

૧૬

એ......માથે મટુકી લઇ જાઉં—એ રાગ. (વીક્રમચરિત્ર)

એ........પુષ્પો સુગંધી લઈ જાઉં.
પૂજી પ્રભુ પાર્શ્વને દિલ હું રીઝાઉં—એ....પુષ્પો.

કેતકી જાઇ ને માલતીની, આંગી વિરચુ પંચવર્ણી.
હર્ષે એ જીન ગુણ ગાઉં—પૂજી પ્રભુ.
ફુલ પૂજાનું ફળ છે ભારી, નાંખે કર્મદળ સંહારી;
નિત્ય જીનેશ્વર ધ્યાઉં—પૂજી પ્રભુ.

૧૭

ધન્ય છે દીન આ સુભાગી—એ રાગ. (વિક્રમચરિત્ર) કાલીંગડો.

અત્યંત આનંદકારી મૂર્તિ દીસે છે જીનરાજની;
દેદીપ્ય દિવ્ય આકૃતિ અદ્દભૂત છે સુખકારિણી—અત્યંત.
મસ્તકે મૂગટ મણી લલાટે ટીલડી;
સ્વરૂપ અકલંક છે આનંદી—અત્યંત.
સૂવર્ણ કૂંડળ શોભે છે ભારી;
ગળે મોતનકી માળ ઘણી સારી—અત્યંત.
એવા પ્રભુજી મમ થાઓ સ્હાયી;
નિત્ય ભજું હું નમ કર યુગલ નમાવી—અત્યંત.

૧૮

હૃદયે વસજો હૃદયેશ્વરી—એ રાગ. (વિક્રમચરિત્ર) આશા.

પ્રભુ હૃદયે વસજો, હરિને ભિતી;
જેમ ચંદ્ર વિષે કુમુદિની—તેમ હૃદયે વસજો.

નહિં છોડું સિધ્ધાંત ન્યાયરીતી;
ગ્રહિ પવિત્ર પૂજ્ય પૂર્ણ પ્રીતિ—હૃદયે વસજો.
પ્રણમું પ્રીતેથી જગ હિતકારી;
નિજ સેવક લ્યો ભવજલ પારી—હૃદયે વસજો.

૧૯

અબળાને માયા વ્હાલીરે—એ રાગ. (જુગલજુગારી)

રે અમો બળોને જીન લગની વ્હાલીરે વ્હાલીરે લગની વ્હાલી.
પુષ્પો ચઢાવી ઘરેણાં પ્હેરાવી—મોતીડે મઢીએ તો મન વિશાલીરે
વિશાલીરે વિશાલીરે મન વિશાલી—અમો.
નેહની નજરે નાથ નીહાળો—નહિં નીહાળો તો ભવ ભારીરે
ભારીરે ભારીરે ભવ ભારી—અમો.
શાંતિ થઇ ચિંતા ગઇ ઘડીમાં—સફળ થઇ સમરતાં સુખેથી
જયકારીરે
જયકારીરે જયકારીરે જયકારી—અમો.

૨૦

ધીમાં ધીમાં ચાલો—એ રાગ. (સૌભાગ્ય-સુંદરી.)

સદા ભાવે પૂજું પ્રભુ પાર્શ્વરે—શાંત મુખડું તમારૂં આ ચિત્ત હરે,
કર્મ ચૂરે ખરે, દીનાનાથરે—સદા ભાવે.

મોહજાળની માળમાં, લપટાયો હું નાથ,
પાપ પડલ દૂરે કરી, રહીશ તમારી સાથ.
ભવ ભ્રમણુના ફેરા વિદારનાર છો,
મોક્ષપુરીનો માર્ગ દેખાડનાર છો,
નિરાધાર બાળની આશ પુરનાર છો--શ્રીકૃપાળરે-સદા.

૨૧

તું છે પ્રભુજી ત્રાતા—એ રાગ. (સૌભાગ્ય-સુંદરી) ભૈરવી.

શરણે હું તારે ત્રાતા, સાચો તું ગુણી જ્ઞાતા;
ચિંતા હરી લે દાતા--શરણે.
તુજ વિના ન કોઇ વિશ્રામ, અંધ દીસે તમામ;
શિવપુરે શોભીત, તમ પર મોહીત,
નામ જપું નિત, ગાઇ તુજ ગીત;
શુદ્ધ સાચે ચિત્ત બળી લળી નમું ધર્મ જ્ઞાતા--શરણે હું

૨૨

તાત શાને કરો છો—એ રાગ. (સૌભાગ્ય-સુંદરી)

નહિ છોડું સદા હું જગનાથ તારો સાથ.
મારા પાપ છે અમાપ, મ્હેર કરી કરો માફ,
બાંહ્ય ઝાલીને લેજો સંગાથ.--નહિં છોડું.

ચંડકૌશિકની રક્ષા કરી ચંદનબાળાને દીધું કેવળ જ્ઞાન;
વીરજીનેશ્વર આમ, દુઃખ કાપી તમામ, દેજો સેવકને શિવપદ
ધામ.—નહિ છોડું.

મોહી તુજપર સંસાર તરવા સદા ધરૂં હૃયે હામ.
અખિલ વિશ્વ વિખ્યાત, કરી કર્મ રિપુ નાશ;
કર ગ્રહો મુજ ગણી નિજ દાસ.—નહિ છોડું.

૨૩

મ્હેરી ચોળી લટકા મટકા—એ રાગ. (સૌભાગ્ય-સુંદરી)

જાઇ જૂઈ પુષ્પો ગ્રહિને હરખાતાં ચાલો.
ભાવે અર્ચિ મૂર્તિ જીનની લઇ લ્યો લ્હાવો.
જય જય શબ્દોના ઝંકારે, પય ઘુઘરના રણકારે,
ઉરના અંકુર પ્રફુલ્લાવો—જાઇ જૂઇ.
વામા દેવી કે નંદ, અશ્વસેન કુલે ચંદ,
ગાઓ ગાઓજી ગાઓ ગાઓ,
એ જીનના મજાનાં ગુણ ગાઇ મનમાં રાચો—જાઇ.

૨૪

વિભુ અચળ અમળ અકળ—એ રાગ. (કલ્યાણ)

વિભુ અચળ અમળ અકળ અલખ ગહન
ગતિ શી તારી ન્યારી;

તું ત્રાતા તું જ્ઞાતા આતમ ગુણમાં
ઉત્કૃષ્ટે પરિણામી. અચળ.
તુજ ગુણ ગણમાં નહિં કંઇ ખામી અંતર-
જામી સ્વામી છો નામી.
જય જય સુખ મેવ, શરણે તત્ખેવ, રહી કરીએ
સેવ, તું એક દેવ;
તારણ કારણ, અશરણ ધારણ પાપ નીવારણ,
જય સુખ કારણ,
કિંકરને તાર તું વ્રતધારી. અચળ.

૨૫

રાગ પીલુ.

ચરણ પડી પ્રભુ અરજ કરૂં હું,
અહનીશ તારૂં ધ્યાન ધરૂં હું. ચરણ.
કુકર્મો કાળાં કરી લુગડાં ભર્યાં અઘના અતિ,
મરવું નથી એવુંજ માની ખુબ કીધી કુકૃતિ.
પામ્યો મનુષ્ય દેહ પણ મેં માર્ગ ખોટો આદર્યો,
હાથે ચડયો હીરો છતાં મેં કાંકરા તોલે કર્યો.
પામર ગણી તું લેજે ઉગારી,
લઉં લાખ લાખ ઓવારણાં તારી. ચરણ.

૨૬

આવોજી આવો પ્યારા રાજ હો—એ રાગ. (તિલકકુમાર.)

ધ્યાવોજી ધ્યાવો વિભુ ધરી માન હો.
તરવાને કાજે, કર્મને દાઝે, આંગી રચાવો ખાસ હો—ધ્યા.
માનો સફળ ઘડી આજરે, પ્રિત થકી ભજી રાજરે,
બુઝાવો અંતર ઝાળરે, લઇ પરમ સુખ માળરે—ધ્યાવોજી.

૨૭

દિલદાર યાર છેલાસે—એ રાગ. (ભુલભુલઇયાં.)

જગત ગુરૂવીર તોસે લગની લગાયેંગે.
લગની લગાયેગેં, પાપ મીટાયેંગે. જગત.
ગુણ તુજ છે અનંત, ગાવે ઇંદ્ર સૂર્ય ચંદ્ર;
અકળ અગમ નીગમ, દુખમ્ કાળથી ઉગારલે. જ.
અહો નાથ પકડ હાથ, લ્યો પાસ સમજ દાસ;
અર્જ અનુચરકી સત્વર સ્વીકારલે. જ.

૨૮

આજે આનંદ આનંદ થૈથૈકાર થયો—એ રાગ. (અશ્રુમતિ.)

આજે આનંદ આનંદ ઊલટ મુજ મન થયો.
શાંતિનાથ ભેટેથી ભવ દુઃખ ગયો.

ધન્ય દિન આજ થયો, પ્રભુ તુમ દર્શ લહ્યો (૨)
જય જય જય જય—આજે.
પ્રભુ વસીયા છો આપ હ્રુદય વિષે;
ભુલું કેમ તુમ નામ સેવું શુદ્ધ ચિત્તે;
રોમ રોમ શીતળ ભયો, અન્ય મમ ચાહ ન રહ્યો (૨)
જય જય જય જય—આજે.

૨૯

મારી સાહેલડીની સાન્માને—એ રાગ. (મોહનાચંદ્ર)

જીનજી જન્મ મરણુના અસહ્ય અઘથી ઉગારજોરે.
આ અજ્ઞાની અશરણુ આશા અવધારજોરે.
સમકિત સુખડી સાહેબ દઇએ;
દુઃખી દીનના દયાળ દયા કરીએ;
હેતે વિજ્ઞપ્તિ હ્રુદયે ધરીને તારજોરે. જીનજી.

૩૦

કેવી સુંદર સુરત—એ રાગ. (ઉદય-ભાણુ.)

જીન મૂરત મોહકપર મોહી જાઉં.
મુખ મુદ્રા મનહર જોઇ ઠરી જાઉં,
ભાવે મનથી ને તનથી હું ભજે જાઉંરે.—જીન.

ભવ અટવીમાં ભૂલો પડયો છું,
પંચમકાળ ઝપટે ઝંપલાયો છું,
ક્યારે સુખકર સેવા તુમ પામી જાઉં રે—જીન.
કારી કુમતિ કટારીથી કંપાયો છું,
હવે સુમતિ સંગે લલચાયો છું,
ક્યારે લોક શિખરરાજ ગ્રહિ રાજી થાઉં રે—જીન.

૩૧

સોનાના સૂરજ ઉગ્યા—એ રાગ. (ઉદય-ભાણુ.)

રે મમ સોનાના સૂરજ ઉગ્યા ભેટી નેમ નગીના—
રે એનાં દર્શન દેખી દુઃખ-મીટા હો દુઃખ મીટા—
મુખ મુદ્રા શાંત દૃષ્ટિ અવિકારી,
જ્ઞાન વિલાસીને કૃપાવતારી,
જોઈ વૈરાગે હવે મન જાગે, અણુહારી પદ લેવા દિલ લાગે:
વ્હાલી લાગે જીન આણા, ભજું શ્યામ સલુણા—રે મમ:

૩૨

સુંદર શામળીયા—એ રાગ (વીણા-વેલી)

પરિગ્રહ યુવતીમાં, મારૂં મનડું મોહાયું—પરિ.
સપ્ત વ્યસન વિષે, પ્રમાદી ચિતડું ભરાયું—સપ્ત.

કામ ક્રોધ મદ લોભે લોભાયું,
કરવા કલહ કાળજું ઉલ્લસાયું,
રાગદ્વેષથી ઉર ઉભરાયું,
જોઈ મુદ્રા હવે મુજ મન જાગ્યું,
ગુણ ગાવા દીલ લાગ્યું—પરિગ્રહ.
દેવ કૃપા વિણ સુગતિ ન પાઉં,
હૃદય કમળમાં પ્રેમ પ્રગટાઉં,
રસિક સ્તવન સદાચારથી ગાઉં,
નીશદિન શીર તુજ પાયે નમાઉં,
સ્હાય કરોને દયાળુ—પરિગ્રહ.

૩૩

સુંદર શામળીયા—એ રાગ.

શ્રી નેમ શામળીયા, દર્શન જોઈ તમારૂં— શ્રી નેમ.
ગિરનારે મળીયા, હરખ્યું આ ચિત્ત મારૂં—ગિરનારે.
શ્યામ વર્ણ તન શોભે સારૂં,
આયુ પ્રભુ તમ સહસ પ્રમાણું,
અવિકારી પ્રભુ છો માયાળુ,
બ્રહ્મચારીમાં તમને વખાણું,
સ્હાય થજો કરૂણાળુ— શ્રી નેમ.

દયા કરી પશુ ઉપર દયાળુ,
અવર દેવ નહિં તુમ સમ જાણું,
રૈવત ગિરિપર ધ્યાન લગાઉં,
ભાવથી નીરખી મુખડું રસાળું,
કાપો કર્મ કૃપાળુ-- શ્રી નેમ.

૩૪

મન માયાના કરનારારે—એ રાગ (ઉદય-ભાણ.)

શ્રી વીર જીનેશ્વર પ્યારારે, તોહે પૂજત રંક મહારાયા.
માત ત્રીશલા દેવીના જાયારે, વાહ સિંહ લંછન સોહાયા.
કંચન વર્ણી કાયા તમારી, સિદ્ધારથ કુલ દીપાયા;
શુક્ર ઈંદ્રકું શંકા હુઇ જબ, મેરૂકો થરથર કંપાયારે-
તોહે.

અશ્રુ જોઇ પ્રભુ પાછા વળ્યા જેણે, અભિગ્રહ પૂરા કરાયા;
ચંદનબાળા પર મ્હેર કરી કીધા, ખુલ્લા તે મોક્ષના
દ્વારારે--તોહે.

પાંચસો શિષ્યો સહિત ગર્વિષ્ઠ ઇંદ્રભૂતિ, સંવાદ કરનેકુ આયા;
સમોવસરણમેં સંશય દૂર કરી, પ્રથમ ગણધર બનાયારે-
તોહે.

૩૫

આવો કુમકુમને પગલે—એ રાગ. (અશ્રુમતી.)

સહુ સ્તવો ધીર વીર આગે—
જેથી ભવ દુઃખડાં ભાગે.
શુદ્ધ ભાવ ધરી જો ભાવો—
મુકિત ફળ મેવા પાવો.
ભજો સિધ્ધ સ્વરૂપી સાચો—
પરદેવ જૂઠા નહિં યાચો.
વાંછિત પૂરણ ગુણ ગાઓ—
સમકીત દીપક દીપાઓ.
અમૃત રૂપી જીન વાણી—
ઉરધરોને સાચી જાણી.
નમો નમો અલૌકિક નાણી—
વરવા સત્વર શિવરાણી—સહુ.

૩૬

અમર કરી લેને માનવ દેહ ધરી—એ રાગ (નવલ કુસુમ)

સુધારી લેને વેગે માનવ દેહ ધરી, પૂજન પ્રેમે કરી, પ્રભુ ચિત્ત ધરી.
સ્વાર્થીઓ આ સંસાર સમજી, સમજ તું જરી,
સમજ તું જરી—સુધારી.

કાચા સુતરને તાંતણે જો બાંધી આ જીંદગાની છે;
દરિયા તણા મોજા સમીતું જુઠી જાણ જુવાની છે.
ગુણધારીઓ અજ્ઞાન જો આ આંખ બંધ થવાની છે;
અંતરતણી સહુ આશ અંતરમાં સમાઈ જવાની છે.
માટે લે તું શોધી સુખકર શિવ સીડી, સુખકર શિવ સીડી,
અંતર રમાણી રૂડી—સુધારી૦

૩૭

રાજ તમે મુજનેરે—એ રાગ. (પ્રતાપીચંદ)

મહાવીર તમે મુજનેરે નેહ નજરથી નીહાળજો—
મોહ ફંદ દૂર કરી સેવકને શુધ્ધ કરી—
કાળના મ્હોંમાંથી મુકાવજો. વીર તમે.
માયા જાળ તોડી પાડી હાથ ઝાલો ધર્મ ધારી—
વેગે વિપત્તિને વિદારજો. વીર તમે.

૩૮

નવલ યૌવના ફુલે—એ રાગ. (પ્રતાપીચંદ)

પ્રભુજી વિનતી કરૂં સંસાર સાગર શી રીતે તરૂં.
રાગ દ્વેષમાં ડુબેલો વિષય રંગ સાથ,
એ ઘડી ન દિલ ધરી તુમ સેવા વિષે નાથ—પ્રભુજી.

પુણ્યોદયથી આપ મળ્યા છો તરણ તારણહાર,
મ્હેર કરી અમી દૃષ્ટિ ધરી લેજો શિવ મોઝાર—પ્રભુજી.
લળી લળો હાથ કરજોડીને ધ્યાવું તોરૂં ધ્યાન,
દીન ગણી કૃપા કરી દેજો ઉત્તમ જ્ઞાન—પ્રભુજી.

૩૯

સદાશિવ સાંબ શરણુ ગ્રહો—એ રાગ. (જુગલજુગારી)

સદા જીન નામ હૃદયે ધરો;
હમેશ દૂર ગતિના હેતુ દિલથી દૂર કરો—સદા.
નૃત્ય ગાન તાન કરો, કર્મ રિપુ નાશ કરો;
અંતરે ઉજાસ ભરો, ઋદ્ધિ લંકાપતિ રાવણ તણો ધણી-
ને શરણુ ચહો—સદા જીન નામ.

૪૦

પીયુ પરદેશીને—એ રાગ. (કામલતા)

મનવા તું નિત નિત ધ્યાન પ્રભુનું ધરને,
દેહનું સાર્થક હવે તું કરને-મનવા તું.
પરમ પરમેશ્વર રટણ, જો શુધ્ધ મનથી થાય,
જન્મ મરણ ફેરા ટળે, પાપ અઘોર કપાય;
તરણ તારણ એ પ્રભુને, જો તું તારો જાણ,

શીતળકારી શિવ નિશ્ચે, થાશે તારૂં ધામ.
ખુબ ખુબ અલખ ધુન લગાવ મનમાં,
ભવની ભાવટ, ભાંગીલે મૂરખડા—મનવા તું.

૪૧

સહાય સાંબ સાચું એક—એ રાગ. (કામલતા.)

ભકત ભીડ ભાંગી તાર પાર્શ્વ શામળા,
ભાગ્યવંત શાંત વેગે ટાળ વિડંબના.
તમે છો સિધ્ધ સ્વરૂપી સમર્થ જ્ઞાની વિભુ-
તમારા દર્શથી પામીશ પાર ભવ સિંધુ-
તમે છો પૂજ્ય પરમાત્મા પરમ પરોપકારી-
માગું પ્રેમે પડીને પાય શ્રી સેવા તમારી—ભકત.

૪૨

ધણી જુદાઇ ગાણુ—એ રાગ. (રાજ બીજ)

ઉઠ તું ઉઠ વ્હેલો કાં શું સોડ તાણી સુતો,
સમર તું શ્રી પ્રભુ પાર્શ્વને;
નામ છે નાવ જેનું ભવોદધિ તરવા જેવું,
માટે ભજને એ દીનાનાથને.
મારૂં મારૂં કર નહિં તું માયા મહિં મોહ માતું,

હૃદયમાં ધર શ્રી જીનરાજને;
તું તજ પરિવાર રહી ખુબ ખબરદાર,
મરણુ માથે સમજી લઇને.
ભજન પ્રભુનું સારૂં કરી લે તું ઝટ પ્યારૂં,
દૂરે છંડી વ્યાધિ તંતને;
શુભ અવસર હીગે જાણી, ખો નહિં તું સાચો માની,
પાય લાગી પંચ પરમેષ્ટીને--ઉઠ તું.

૪૩

વ્રજવાશી અવિનાશી--એ રાગ. (નરસિંહ મ્હેતા)

સિદ્ધ ગિરિવાસી, વિપદવિનાશી, ગતિ તારી અતિ ન્યારી.
અરિ જીતી, કાઢી ભીતી, સિધ્યા સ્વામી, કેવળ પામી,
પ્રથમ તીર્થંકર ઉપગારી, ઉપદેશી યતિ બ્રહ્મચારી;
પૂર્વ નવાણું વાર શેત્રુંજે, સમોવસરીયા દિલધારી,
એવા જીણુંદ પ્રભુજીનાં પગલાં પૂજો તમે સૌ નરનારી.

૪૪

પૂર્ણ પામી પ્રીતેથી શણગાર--એ રાગ. (નરસિંહ મ્હેતા)

પૂર્ણ પ્રીતે પૂજું પ્રભુ પ્યારા;
વંદું હું નિત નિત વિભુજી વ્હાલા--પૂર્ણ.

આ તન મન સહુ ભેટ કરીને સ્તવન ગાઉં હું તારા;
તુમેં ગુણવંતા સાહેબ છોજી,
હુંમાં અવગુણ સારા, પ્રભુ પ્યારા—પૂર્ણ.
તારણ હારણ છો જગસ્વામી, શાંતિનાથ સુખ દેનારા;
બિરૂદ વિચારી નેહ નજરથી, તારો દેવાધિદેવ મારા પ્યારા-પુ.

૪૫

વ્હાલા વેગે આવોરે—એ રાગ. (નરસિંહ મ્હેતા)

વ્હેલા વ્હેલા થાઓરે, અંતર ઉજાળોરે,
વિમળગિરિ ભેટવાહોજી.
હાંરે ભેટે તન મન પાવન થાય,
હાંરે કાંઇ ભવ દુઃખ દૂરે જાય—વ્હેલા.

એકેકું ડગલું ભરે, ગિરિ સન્મુખ ઉજમાળ,
ક્રોડ સહસ ભવના કરે પાપ ખપે તત્કાળ.
મોક્ષ મ્હેલ વેગે લહે, અંતર ધારે વ્હાળ,
ભવી તમે ભાવોરે-વિમળગિરિ.

પ્રથમ જીનેશ્વર રૂષભની, મૂર્તિ ત્યાં સોહાય,
શાંત સુધારસ શોભતી, કરતી શીતળ છાંય.
જોતાં સ્વર્ગ શિરોમણી, મનમાં હરખ ન માય,
ભાવ શુભ લાવોરે—વિમળગિરિ.

દુર્લભ કૃતિ.

૪૬

વિશ્વનાથરે ચરણે વંદુ વારંવાર એ રાગ કલ્યાણ. (ગુણસુંદરી)

આદિનાથરે ચરણે વંદુ વારંવાર.
ચરણે વંદુ વારંવાર (૨) આદિ.
નાભી રાયાના પુત્ર જગતગુરૂ, તાર્યા તમે નરનાર—આદિ.
મરૂદેવી પ્રભુ માતા તમારી વૃષભ લંછન સુખકાર—આદિ.
મોહ માયા તમ દૂર કરીને પામ્યા ભવતણો પાર—આદિ.
આઠ કર્મ ભર નાશ કરીને શીવ વરીયા અધવાર—આદિ.
દુર્લભ દીનની અરજ સુણીને ભવોદધિ પાર ઉતાર—આદિ.

૪૭

બીક લગે બાઇ—એ રાગ કાલીંગડો. (જગદેવ)

પ્યારા પ્રભુજી પાર્શ્વ છે આનંદકારીરે,
સેવકની વિનંતી આજ હવે સ્વીકારીરે—પ્યારા.
જો આત્મ અનુભવ જાગે, તો રાગ દ્વેષને ત્યાગે,
નિંદિત કર્મથી ભાગે, અશરિરી કરીને બીક ભાંગો મારીરે—પ્યારા.
હું કર્મ વૈરીથી જડીયો, મિથ્યાત્વ વારીથી ભરીયો,
તું ભવ અબ્ધિથી તરીયો, ચરણ પડી કહું છું કેવળ લક્ષ્મી
ધારીરે—પ્યારા.

જગ ભાવ દયા ધરનારા, નિજ દ્રવ્ય ગુણે રમનારા,
પર પાપે વિહુરનારા, આતમરામી હુસ્ત ગ્રહો દુર્લભ તારીરે.

૪૮

આ ગ્રીષ્મ સમય રસિક—એ રાગ. (ચંદ્રકાન્ત)

મહાવીર પ્રભુજી મૂર્તિ તારી લાગે સુખકારી;
સુખ આપનારી દુઃખ ટાળનારી;
શિવશ્રી નારી વરીયા પ્યારી, લોકાગ્રપદ ધરી, રે હાંહાંહાં—મ.
તુજ ચરણ સેવા થકી ચિત્ત પ્રસન્નતા ધરે;
ગુણ ગાન કરે, અવગુણ હરે, બહુ હર્ષ ધરે, ઉરમાંહી ખરે;
પ્રભુ રક્ષા અમ કરો, રે હાંહાંહાં—મહાવીર.
દીનને ઉદ્ધારનારૂં બિરૂદ તાહરૂં;
અદભૂત ખરૂં, જગ વ્યાધિ હરૂં, જીન ધ્યાન ધરૂં, જઈ ઠામે ઠરૂં;
દ્યો દુર્લભ બોધિ રે હાંહાંહાં—મહાવીર.

૪૯

સમરૂં દેવી મતિ ગતિ દીયે મા---એ રાગ. (વિભુવ વિજય)

શ્રી જિન સ્વામી અરજ સુણો મહારાજ;
વર્ધમાન જીન મુજ મન વસોરે.
સિદ્ધાર્થ રાજાના તન, ત્રિશલાદેવીના નંદ;

દયા ધરો, વિઘ્ન હરો, જય કરો, વિનતિ સુણીને—શ્રી.
ત્રિલોકના નાથ પ્રભુ, જગત સ્વામી છો વિભુ;
દુઃખ કાપો, સુખ આપો, દાસ સ્થાપો, દયા દિલ ધરીને—શ્રી.
અરિ હંત સિધ્ધ દેવ, નિત્ય કરૂં તુજ સેવા;
જ્ઞાન ઝરો, અરિ હરો, પ્રિત ધરો, દુર્લભ ઉધ્ધરીને—શ્રી.

૫૦

પ્રબળ દળ સમ આજ વાદળી—એ રાગ. (રાજયોગી)

અહો પ્રભુ મુજ પ્રાણ પ્યારા,
ભકતને નહિં દુઃખ કદા;
મુખ શશિ સમ આજ શોભે,
માયા કરો મુજ પર સદા—અહો.
એક ચિત્તથી હર્ષ લાવી, જગત વત્સલ વીરનું;
સ્તવન કરવું શિર નામી ચરણ કમલેં ધીરનું—અહો.
તાન માનથી ગાન કરતાં, તીર્થ પદને પામીયે;
ધારી શુદ્ધ સમ્યકત્વ દુર્લભ, વિજયસ્થાને જામીયે—અ.

૫૧

ચંદ્ર વખત શો આવીયો—એ રાગ. (ત્રીવીક્રમ)

વીર ધર્મ ઓળખાવીયો, જ્ઞાનનો માર્ગ બતાવીયો.
થઈ ગુરૂ તણો વેશ (૨), ઠીક કાઢી કર્મ ક્લેશ,

આનંદનો દીન દેખાડીયો—વીર.
પ્રભુ દયાળુ છો આપ, (૨), કરો પાંપ મારા માફ,
શરણે તમારે હું આવીયો—વીર.
ચરણુમાં નામું શીશ (૨), કૃપા કરો જગદીશ,
દુર્લભને નાથ ઉગારી લ્યો—વીર.

પર

પ્રેમનો ક્રાલ દીયોને—એ રાગ. (માઢ)

પ્રેમેથી પાય પૂજું પ્યારા પાર્શ્વ.
મને સ્થાપો તમારી પાસ હું આવ્યોછું ધરી આશ—પ્રેમે.
મૂર્તિ પ્રભુની નિરખતાં ઉર આનંદ અધીક ભરાય;
જગત શરણુને સેવીએ તો ભવના પાતિક જાય—પ્રેમે.
ભવોભવ ભટકી શરણે તીહારે આવ્યો છું હવે તાર;
હે ભવતારક દુર્ગતિ ટાળક વિનતડી અવધાર—પ્રેમે.
કર્મ ઇંધન ભર ભસ્મ કરીને મુકત થયા જગનાથ;
નેહ નજર કરી તારી દુર્લભ તેડો શિવ પુર સાથ—પ્રેમે.

પ૩

આદો પ્રાણુ પ્યારી મનમોહના—એ રાગ. (ગુણુસુંદરી)

સ્તવું વીર જીન અભય પ્રદા.
સુખકારી જીન વાણી સુણીને,

પરમ પુનીત પર પ્યાર ધરી.—સ્તવું.
ત્રિસલા નંદન કર્મ નિકંદન, વૈરી ગંજન છો ભગવંત,
મોગર લાલ ગુલાબ ચંબેલી, લાવી પુજા કરૂં ભાવ ધરી—સ્તવું.
દાન શીયળ તપ ભાવના ભાવી સેવા કરૂં પ્રભુ નિત્ય તમારી,
વિવિધ જાતીના કુસુમહારથી ફળ નવેદ્યના થાળ ધરી—સ્તવું.
ખડમદ ગાળક, પાપ નિવારક, ભવસંહારક, તારણહારક,
સ્હાય કરો મમ દુઃખને ટાળી દુર્લભ વિનતી હૃદય ધરી—સ્તવું.

૫૪

મોહી રહ્યો છું મંદ હાસ્યમાં—એ રાગ. (લીલાવતી)

શુભાશુભ કર્મ વેદાવું રે જીવતારે શુભાશુભ કર્મ વેદાવું રે.
અવર જીવો તુજ કારણિક થાશે, સ્વર્ગે નર્કે એકલા જાવું રે—જી.
પુદગલ કેરી જડ સંગતિથી મમત્ત્વવશેકરે મારૂં તારૂં રે—જી.
બહિરાત્મભાવે રાચી રહ્યો તો નિશ્ચે નરકનું બારૂં રે—જીવ.
જ્ઞાન અમૃતરસ પાન કરીલે ભોગવીશ તું કર્યું તારૂં રે—જીવ
દુર્લભ સેવો જીનજી જે છે આવાગમન નિવારૂં રે—જીવ.

૫૫

મત ડરરે ધર ધીરજ ધીરજ તુંહી મનમેં—એ રાગ (ધનાશ્રી)

મનગમતા છે મનહર મૂર્તિ તારી.

વળી શાંત જ્ઞાન છે સારી, ભવિજનને હિત કરનારી,
સુધારસ ક્યારી—છે.
મોહતણા અભિલાષી જીવને શીવ સુખની દેનારી,
વિષય કષાયથી મુકત કરીને દુઃખ દોહગ હરનારી—છે.
દુર્જય મોહના મહા સૈન્યથી છોડાવી આ વારી,
સિદ્ધિ માર્ગે આસન્ન ભવ્યને સન્મુખી કરનારી—છે.
ભવભંજન પ્રભુ મ્હેર કરીને શરણાંગત લે તારી;
દુર્લભ બોધિ લબ્ધ થવાને તુજ આલંબન ભારી—છે.

૫૬

ઝીણા ઝરમર વરસે મેહ—એરાગ (જગતસિંહ)

આજે આનંદ વ્યાપ્યો અપાર મલ્લિજીને દેખીને.
માનું ધન્ય સફળ અવતાર આનંદ પેખીને.
નાથ નિરંજન, પીડપ્ર ભંજન, જન મનરંજન આપરે;
સેવક સેવા નીશદીન કરતો જન્મ મરણ ભય કાપ—મલ્લી.
સાધ્ય દૃષ્ટિ નિજ હૃદય ધરીને વંદે જે નરનારરે;
કાળ અનાદિના દુષ્કર્મ ટાળી પામે ભવનો પાર—મલ્લી.
સાધક થઇને જે નહીં જાણે કારણ કારજ ભાવરે;
નહીં ઓળખતાં પ્રભુને ક્યાંથી પ્રગટે શુદ્ધ સ્વભાવ—મલ્લી.
અભ્યંતર ઉલ્લાસ ધરંતો લયલીન પ્રભુગુણ માંહ્યરે;
દુસ્તર ભવસાગરથી દુર્લભ તારો ઝાલી બાંહ્ય—મલ્લી.

૫૭

રાગ—સોહની.

જયકારી જીણુંદરાય કેવા દીપે છે જયકારી.
સુખકારી સેવોને સાધ્ય દૃષ્ટિ ધરી સુખકારી.
વિશ્વ જેનું ઉપગારી જયકમળા પરણ્યા પ્યારી.
ભવિજન આનંદકારી સુખદાયી બિરૂદ ધારી જાઉં હું વારી.
પ્રભુ તારાં અણીયાળાં બે સારાં શોભે નેત્ર આજ—જયકારી.
શમ દમ સંવેગે ભરીયા અનુકંપા રસના દરીયા.
જ્ઞાનાદિ લક્ષ્મી વરીયા, ધ્યાતાથી કર્મો ડરીયા, જેણે હૃદયે ધરીયા.
સંતાપોને કાપો શ્રી આપો ગણી નિજ આજ—જયકારી.
ઇચ્છિત અર્થ પૂરો અનાદિ સહચરી ચૂરો.
કરજો મુજને સનૂરો, અંતરથી ન રહો દૂરો તો બનુ શૂરો.
ભય કાપી કર સ્થાયી શુભ આપી દૂર્લભ બોધી આજ—જયકારી.

૫૮

જય જય પ્રભુજી ભર્ત જય કરોને—એ રાગ (કલ્યાણ.)

જય જય પ્રભુજી ભકત જય કરોરે.
અખિલ વિશ્વમાં વિખ્યાત છો અલક્ષ્ય જગત તાત—
સકળ મમ ઉપાધિ હરોરે—જય.

પ્રણુતપાળ છો દયાળ ઉદ્ધરો તમારો બાળ જાણીને
પોતાનો ખરેરે—જય.
ગામ ભોયણીનીવાશી કર્મ રાશીના વિનાશી.–
જાણું જ્ઞાનના અમો ઝરેરે—જય.
દુઃખને દૌર્ગત્ય કાપો નાથ નિત્ય હૃદયે વ્યાપો.–
અર્જ દુર્લભ ઉરે ધરોરે—જય જય.

૫૯

પહેરી ચોળી લટકાં મટકાં—એ રાગ (સૈભાગ્ય સુંદરી)

પ્રીતે પ્રણમો પ્રથમ જીનેશ્વર પ્યારા.
હૈત વિરમો જડપર ભાવથી ન્યારા.
ભામંડળ મસ્તક છાજે, ભાનુથી અધિક વિરાજે;
સિદ્ધ વધૂ વરનારા. પ્રીતે.
નીરખો અરિહાને આજે, શીવરમણી વરવા કાજે;
ખોળો–ખોળોજી અંતર ખોલો;પ્રભુ કેવા જુઓ જેના;
વિબુધાધિપ સ્તવનારા. પ્રીતે.
પારંગત પંગે ચાલો, આદિકર સત્વર ઝાલો.
મોક્ષ પંથે વિહરનારા. પ્રીતે.
દુ:ખકર ભવથી નિસ્તારા, પરમેશ્વર પાતક ગાળો,
બોલો–બોલોજી દુર્લભ બોલો; જય શબ્દો નરવરના;
પ્રેમાળા અઘ હરનારા. પ્રીતે.

૬૦

મારો પતિ મિત્ર છોડાવું જરૂર જઇ—એ રાગ (વિબુધવિજય)

જય વીતરાગ તમારો જગતગુરૂ.
તમારો જગતગુરૂ તારો દુઃખેથી ઝુરૂં,
હોજો નિરંતર આપ પ્રભાવથી ભવથી નિર્વેદપણું;
ઇચ્છિત ફળતણી સિદ્ધિ કરોને સુમાર્ગાનુસારીપણું. તમારો.
લોકવિરૂદ્ધ ત્યાગ પરોપકાર ને સંત વચન સેવા;
ગુરૂ વડીલ જન કેરી સુઅર્ચા માગું મળે શીવમેવા. તમારો.
મુનિજનોનો રહેજો સમાગમ અજ્ઞાન અંધકાર નાશ;
ભવ સંતતિનો અંત થતાં સુધી યાચું પ્રભુજીની પાસ. તમારો.
નિષેધ્યું છે ભલે નિયાણુ બંધન પવિત્ર સિદ્ધાંતમાં;
ભવે ભવે જીન ચરણ કમળની સેવાય જો એકાંતમાં. તમારો.
દુઃખ કેરો ક્ષય કર્મ કેરો ક્ષય સમાધિમાં પ્રાણ વિયોગ;
મળજો અને વળી દુર્લભ બોધીપ્રાંતે સિદ્ધિ સંયોગ. તમારો.

૬૧

જો સખી આ કેવા છે રૂપાળા—એ રાગ. (વિબુધવિજય)

જાહેર આશ જીણંદ તમારી મારી લાચારી આ વારી સ્વીકારીને.
કારી ઘા ભારી રૂઝાવો હૃદયનો, આનંદ આપો જગનાથ સુધારી.
મસ્તકે મુગટ સોહે કાનોમાં કુંડળ દીપે,

ભવીજન મન માંહે કુવાદીનો દર્પ ઝીપે,
શાસન સુખકર લાજ વધારી—જાહેર.
વીતરાગ ધ્યાન ધારી થાય તે વીતરાગ જેવો,
સરાગીનું ધ્યાન ધારી થાય તે સરાગી જેવો,
કીટ ભ્રમરીનો ન્યાય સંભારી—જાહેર.
પ્રચ્છન્ન ભાવમાં રહ્યા સત્તા વિષે જે જે ગુણો,
આવિરભાવથી થાય માગુ એ વિનતિ સુણો,
દુર્લભ જીન સેવા અઘહારી—જાહેર આશ.

—

૬૨

શામા મ્હેલમાં જઈ શયન કરો—એ રાગ. (વિબુધવિજય)

અંતરનું સુખ સૌભાગ્ય આપો, શ્રીશાંતિ જીનેશ્વરરી.
શાંતિ શિવંકર છો પરમેશ્વર, ભવિજન કજ બોધ જીનેશ્વર.
અંતરંગ રિપુ નાશ કરીને—પ્રતિ.
એક જાણે તે તો સર્વને જાણે, જીનાગમના વચન પ્રમાણે;
તેજ સુતત્વને જાણ્યાવિના કેમ પામે ભવપારરી—અંતરંગ.
ચોરાશી લક્ષ જીવ યોનીવાળો ભીષ્મ ભયંકર સંસાર ભાળો;
કર્મ વિપાકના મર્મને જાણી કરો પ્રતિકારરી—અંત.
મોહ મહામદ છાકથી છકીયો, શુભાધ્યવસાય જરી ન ટકીયો;
ઉચિત સંભાળ દુર્લભની કરો, આત્મ હિતકારરી—અંતરંગ.

૬૩

પ્રભુ નીર્મળ દર્શન કરીયે—એ રાગ. (સારંગ)

નર જીન પુજન કર લીજીયે, પારંગત પદ પંકજ પુજી,
સફળ મનોરથ કીજીયે. નરજીન.
પાંત્રીશ વાણી ગુણ વિસ્તારો શ્રવણ કરી ભવ છીજીએ. નર.
બહિરાતમ ભાવ દૂર કરીને અંતર આત્મ રમીજીયે. નર.
ભાવ સ્તવનમાં પ્રતિબદ્ધ થાતાં પરમાનંદ રસ પીજીયે. નર.
યોગતણું પ્રણિધાન કરતાં દુર્લભ કાર્ય સરોજીયે. નર.

૬૪

જા ઠગાઇ તારીરે મહી નથી લેવુંરે—એ રાગ. (લીલાવતી)

ભજો ભવિ આદીરે નાથ હર્ષ લાવીરે.
મરૂ દેવાનંદા મુખ અરવિંદારે શોભે જેમ ચંદારે. નાથ.
વિશ્વતણા સ્વામી સિદ્ધિ ગતિગામીરે મહાનંદકંદારે. નાથ.
કર્મવલ્લી કાપી તાર્યા મહા પાપીરે જગતદીનંદારે. નાથ.
દેવતણા દેવા મળે નહીં એવારે ચિદ્‌ઘનાનંદારે. નાથ.
નૃજન્મને પામી નમો નિષકામીરે દુર્લભ જીણંદારે. નાથ.

૬૫

મારી રંગીલી દરજણ—એ રાગ.(અગ્રમતી)

વાવા શોભે છે કેવારે, જુવો દેવાધિ દેવા.
આપે મુકિત વધુ મેવારે—જુઓ.
શર્ણું તમારૂં છે સુખકારી, પ્રભુ વિઘ્ન સકળ નિવારીરે—જુઓ.
પાર ઉતારો બાંહ્યગ્રહિને, જીન ધ્યાઉં સમીપે રહીને—જુઓ.
જીસ સેવાથી શિવ સુખ લહીએ, વળી કર્મ અનાદિના દહીએરે—જુઓ.
વંછિત પૂર્ણ રત્નચિંતામણી, સુર ભકિત કરે સ્તવન ઘણીરે—જુઓ.
ગુણગાને લ્યો આતમ તારી, દુર્લભ સમકિત ધારીરે—જુઓ.

૬૬

બાઇઓ માટે બોલવા સારૂં.

રાગ—ચોપાઇ.

પ્રભુ શાંતિનાથ સુખકારી, જાઉં તમપર હું બલીહારી.
મારૂં દુઃખ દારિદ્ર કાપો, નિજ દાસ કરીને સ્થાપો.
વાહ વિશ્વસેન કુલચંદ, વંદુ અકળ અચીરાનાનંદ.
રહું તુજ સમીપે કર જોડ, મારા પૂરો મનતણા કોડ.
પારેવાપર કરૂણા કીધી, પણ સાર મારી નવ લીધી.
મેં તો પાપ કીધાં હશે ઝાઝા, તેના આવી નડયા ફળ તાજા.

શાંતિ શાંતિ જપું હુવે રોજ, જેથી દૂર ટળે કર્મ
તાર તાર વિભુ શિવગામી, કહે નંદકુંવર શિરનામી.

૭

રાગ—ધનાશ્રી.

નવપદ સ્મરો જયવંત, પ્રાણી નવપદ સ્મરો જયવંત.
બારગુણે અરિહંત બીરાજે, પ્રણમે સુરનર સંત. પ્રાણી.
ચોમુખે વિધવિધ દેશના ભાંખે, પરખદા બાર સુણંત. પ્રાણી.
અષ્ટકર્મને દૂર નીવારી, થયા સિદ્ધ ભગવંત. પ્રાણી.
આચારજ ઉવઝાય ને સાધુ, વળી નમો ગુણવંત. પ્રાણી.
દર્શન જ્ઞાનને ચારીત્ર તમથી, પાપ પડલ ખપંત. પ્રાણી.
સારભુત છે એહનો મહીમા, કરે ઉપાધીનો અંત. પ્રાણી.
ધર્મ પસાયે અઘ પલાયે, પામો સુખ અનંત. પ્રાણી.
નંદકુંવરની વિનતિ સુણંતા, શાશ્વત સુખ વિલસંત. પ્રાણી.

૬૮

ગરબો.

સોના રૂપાકે સોગઠે—એ રાગ.

ચાલો સહીયર બાઈ બેનડી જીન મંદિર જઇએ.
જગત પૂજીત જગદીશને નમી પાવન થઇએ.

ઋષભ અજીત સંભવ ભલા, અભિનંદન વંદુ;
સુમતી પદ્મ સૂપાર્શ્વને, નીરખી આનંદુ.
ચંદ્રપ્રભુ સુવિધી શીતળ, શ્રેયાંશ કૃપાળ;
વાસુ પૂજ્ય વિમળ અનંત, ધર્મ દયાળ.
શાંતિ કુંથુઅર મલ્લીજીન, મૂનિ સુવ્રત સ્વામી;
નમીયે નમી નેમ પાર્શ્વને, વીરજી વીશરામી.
પાપ સકળ પ્રલય થશે, એ જીન ગુણ ગાતાં;
દુઃખ સર્વ દૂરે જશે, એના નામ સમરતાં—ચાલો.
એકવીશ સહસ્ત્ર વર્ષનો, છે પંચમ આરો;
પાપ વધી ગયું પૃથ્વીમાં, થયો ધર્મ ઘટાડો.
દાન દયા દીલથી ગઇ વધ્યું ઝેર જગતમાં;
કુડ કપટના ફેરમાં, ખોયો દેહ મમતમાં.
ઉત્તમ જનમાંથી ગયું, ધન અધમ હાથે;
ખાય ન ખરચે ખંતથી, કઇ આવે ન સાથે.
હુખમૂ આ સંસારમાં, એક ધર્મ છે સાચો;
દોષ સકળને પરહરી, સતસંગમાં રાચો.
કીધાં કર્મ જીવ ભોગવે, નહીં છુટકો થાયે,
નંદકુંવર જીન સમરતાં પાપ દૂર પલાયે.

૬૮

હાંરે મારે આજની ઘડી તે રળીઆમણી—એ રાગ.

મલ્લીનાથ નમું ઓગણીશમાંજો;

આપ બીરાજો ગુ જરદેશમાંજો—મલ્લી.
તુમ પ્રતિમા પ્રતાપી સાંભળીજો;
આવે જાત્રા લોકો ભેગા મળીજો—મલ્લી.
ભવીજનને શુભ ભાવે ભેટતાજો;
કરી પુજા ને આંગી રચાવતાજો--મલ્લી.
મુખ પુનમચંદ્ર સમ શોભતુંજો;
તુમ દર્શને જેથી મન લોભતુંજો—મલ્લી.
પૂજું પ્રેમે પ્રભાવતી બાળનેજો;
ધરૂં ધ્યાન તજી જંજાળનેજો--મલ્લી.
ભવ સાગર પાર ઉતારી લેજો;
નંદકુંવર આજે અવધારી લેજો—મલ્લીનાથ.

૭૧

આનંદ કંદ પૂજતાં—એ રાગ.

સુપાર્શ્વનાથ આપને હું વંદના કરૂં
અનંત ગુણી વીતરાગ અરજ ઉચરૂં
અજ્ઞાન તિમીર ટાળવા પ્રદીપ રૂપછો
ધર્મ શરણકારી ને ત્રૈલોકય ભૂપછો.
દાખવો દયાનિધી સુમાર્ગ પાધરો,
શરણ આપી ચરણ કેરૂં વિધ્નને હરો.

નીબિડ કર્મબંધ કાપી તારનારછો,
જન્મ મરણુ અનંત દુઃખ વારનારછો.
નંદકુંવર સફળ દીવસ આજનો થયો,
પરમ દર્શન પુન્ય જોગે આપનો લહ્યો.

૧

આદિશ્વર અલબેલડા, લળી લળી લાગુ પાય;
અનુચરને અંતર ધરી, તરવા દેજે સ્હાય.

૨

અજીતનાથ પ્રભુ તું ખરો, મહી મોટો મહારાજ;
અજિત કર્મને જીતીને, લીધું મોક્ષનું રાજ.

૩

જો સમરો સંભવ પ્રભુ, તો ઘર નવનિધિ હોય;
ટાળે દુખને મૂળથી, વૈરી ન જાગે કોય.

૪

અભિનંદન પ્રભુ એક તું, અવર ન મુજ મન કોઇ;
આત્માતણા આરામ તું, દે મુજ કર્મને ધોઇ.

૫

સુમતિ પ્રભુ શ્રીનાથની, મુરતી મહીમાવંત;
દેખી મુજ લોચન ઠરે, હૃદય કમળ ઉલસંત.

૬

છઠ્ઠા પદ્મ પ્રભુ સ્તવું, ભાગ્યવંત મહન્ત;
સકળ વ્યાધિ મુજ કાપીને, તાર, હે પરમ ભદંત.

૭

સુપાર્શ્વ પ્રભુ સાતમા, ધર્મ ધુરંધર ધીર;
ચરણ કમળ તુજ પુજીને, નમાઉં અહર્નિશ શીર.

૮

ચંદ્ર પ્રભુ ચરણે પડું, વિપત્તિ મુજ વિદાર;
દુઃખ પંચમ કાળથી, ઉતારીયે ભવપાર.

૯

દેવતણા દેવા તમે, સુવિધિ સ્વામીનાથ;
વિષમય આ સંસારથી, ઉગારી લ્યો સંગાથ.

૧૦

શીતળકારી શીતળજી, રૂપ અલૌકિક નાણુ;
જ્ઞાન જ્યોત જગાવીને, આપો પદ નીર્વાણ.

૧૧

સુજ્ઞ સુયશ શ્રેયાંસ શ્રી, ચિદાનંદ ભગવાન;
ગાઢ તિમિરને કાઢજો, નિત્ય કરૂં ગુણગાન.

૧૨

વાસુપુજય જીન બારમા, દીપાવી જનની કુખ;
વંદુ હું નીશદિન તને, જયામાનના સુત

૧૩

જયોતિર્મય જગદીશ્વરા, વીમળ નાથ જગ ભાણુ;
કર્મ કલંક નીવારીને, આપો ગુણની ખાણુ.

૧૪

અનંત શકિતમય તું પ્રભુ, અનંતનાથ કહેવાય;
નામ સમરતાં તાહરૂં, મોક્ષ મ્હેલ મીલ જાય.

૧૫

ધર્મ સારથી ધર્મ નાથ, ભાગ્યશાળી ભગવંત;
તાપ ભયંકર ટાળીને, આણો ઉપાધિ અંત.

૧૬

સુખકારક શાંતિ પ્રભુ, ધન ધન તુજ અવતાર;
પારેવો ઉગારીને ગયા મોક્ષ મોઝાર.

૧૭

કુંથુનાથ કૃપાળ તું, ભકત વત્સલ ભગવંત;
શ્રી દેવી સુત જગ ધણી, પ્રણમે સુરનર સંત.

૧૮

અઢારમાં અરનાથજી, આતમના આધાર;
કર જોડી તુમ વિનવું, તાર તાર મુજ તાર.

૧૯

મલ્લિનાથ મહિમાનીધિ, કુંભ નરેશર નંદ;
ભવતારક નમીએ તને, આણી મન આનંદ.

૨૦

મુનિ સૂવ્રત મ્હારાજ તું, શાંત સુધાર સંસાર;
નમી નમી વિનવું હું તને, લેજે મોક્ષ મોઝાર.

૨૧

નમી પ્રભુ એકવીશમા, સમતા રસના કૂપ;
દુર્બુદ્ધિ દૂરે કરી, આપો મોક્ષ સ્વરૂપ.

૨૨

નમીએ નેમ જીણુંદને; જીત્યો કામ વિકાર;
જન્મથી બ્રહ્મવ્રત આદરી, પામ્યા ભવજળ પાર.

૨૩

અહનીશ અંતરથી ચહું નવ પલ્લવ પ્રભુ પાર્શ્વ;
કરૂણા સાગર તારજો, કરી કર્મનો નાશ.

૨૪

પૂરિ સાદાણી પાર્શ્વજી. ભીડભંજન ભગવાન;
પાપ અમાપ વિદારીને, દેજો ઉત્તમ જ્ઞાન.

૨૫

લાગી લગન હવે મને, ચિંતામણી પ્રભુ સાથ;
ત્રીભુવન નાયક તારજે, ગ્રહિ સેવકનો હાથ.

૨૬

શાસન નાયક વીરજી, અપ્રમત્ત રહી ધીર;
સંઘ ચતુર્વિધ સ્થાપીને, પામ્યા ભવજળ તીર.

૭૧
શ્રી જ્ઞાન પંચમીનું સ્તવન.

સુત સિદ્ધારથ ભૂપનોરે, સિદ્ધારથ ભગવાન;
બાર પરખદા આગલેંરે, ભાંખે શ્રી વર્ધ્ધમાનોરે,
ભવિયણ ચિત્ત ધરો, મનવચકાય અમાયોરે, જ્ઞાન ભકિત કરો.
ગુણ અનંત આતમ તણારે, મુખ્યપણે તિહાં હોય;
તેમાં પણ જ્ઞાનજ વડુંરે, જીણથી દંસણ હોયરે—ભવિયણ
જ્ઞાને ચારિત્ર ગુણ વધેરે, જ્ઞાને ઉદ્યોત સ્હાય;
જ્ઞાનેથી વિરપણું લહેરે, આચારજ ઉવઝાયરે—ભવિયણ.
જ્ઞાની શ્વાસોશ્વાસમાંરે, કઠીણ કર્મ કરે નાશ;
વન્હિ જેમ ઈંધણ દહેરે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશોરે—ભવિયણ.
પ્રથમ જ્ઞાન પછે દયારે, સંવર મોહ વિનાશ;
ગુણ ઠાણુંગ પગ થાલીયેંરે, જેમ ચઢે મોક્ષ આવાસોરે—ભવિયણ.
મઇ સુઅ ઓહિ પણ પજ્જવારે, પંચમ કેવળ જ્ઞાન;
ચઉમુંગા શ્રુત એક છેરે, સ્વપર પ્રકાશ નિદાનરે—ભવિયણ.
તેહના સાધન જે કહ્યારે; પાટી પુસ્તક આદિ;
લખે લખાવે સાચવેરે, ધર્મી ધરી અપ્રમાદોરે—ભવિયણ.
ત્રિવિધ આશાતના જે કરેરે, ભણતાં કરે અંતરાય;
અંધ બેહેરા બોબડાને, મુંગા પાંગુલા થાયરે—ભવિયણ.
ભણતાં ગણતાં ન આવડેરે, નમળે વલ્લભ ચીજ;
ગુણ મંજરી વરદત્ત પરેરે, જ્ઞાન વિરાધન બીજરે—ભવિયણ.
પ્રેમે પૂછે પરખદારે, પ્રણમી જગ ગુરૂ પાય;
ગુણમંજરી વર દત્તનોરે, કરો અધિકાર પસાયોરે—ભવિયણ.

૭૨

નવપદજીનું સ્તવન.

નવપદ ધરજો ધ્યાન, ભવિ તમે નવપદ ધરજો ધ્યાન.
નવપદ મહિમા જગમાં મોટો, કહિ ગયા શ્રી વર્ધ્ધમાન. ભવિ.
નવપદ પૂજા હે સુખદાઈ, મનવાંછિત અભિરામ. ભવિ.
શ્રી શ્રીપાલને મૈણાં સુંદરી, પામ્યા અવિચળ ધામ. ભવિ.
મંત્ર જડી ઓર તંત્ર બહોત હે, ઇનકું મિથ્યા માન. ભવિ.
નાગર પાનાચંદ સુત વિનવે, મગન માગે મુકિતનું ધામ. ભવિ.

૭૩

સિદ્ધાચળજીનું સ્તવન.

વિમળાચળ વિમળા પ્રાણી, શીતળ તરૂ છાયા ઠરાણી,
રસ વેધક કંચન ખાણી, કહે ઇંદ્ર સુણો ઇંદ્રાણી;
સનેહી સંત એ ગિરિ સેવો, હાંરે ચૌદ ક્ષેત્રમાં તિરથ
નહિં એવો—સનેહી.

ખટરી પાળી ઉલ્લસિએ, છઠ્ઠ અઠ્ઠમ કાયા કસીએ;
મોહમલ્લની સામા ધસીએ, હાંરે વિમળાચળ વેગે
વસીએ—સનેહી.

અન્ય થાનક કર્મ જે કરીએ, તે હેમગિરિ હેઠા હરીએ;
પાછળ પ્રદક્ષિણા ફરીએ, હાંરે ભવજળથી હેલા તરીએ—સનેહી.
શિવમંદિર ચઢવા કાજે, સોપાનની પાંતિ બીરાજે;
ચઢતાં સમ કિરતિ છાજે, હાંરે દૂર ભવ્ય અભવ્ય
તે લાજે—સનેહી

પાણ્ડવ પમુહા કેઇ સંતા, આદિશ્વર ધ્યાન ધરંતા;

પરમાતમ ભાવ ભંજના, હાંરે સિદ્ધાચળ સિધ્યા
અનંતા—સનેહી.

હાંરે ખટમાશી ધ્યાન ધરાવે, શુકરાજાનું નામ નિપાવે;
બહિરંતર શત્રુ હરાવે, હાંરે શત્રુંજય નામ ધરાવે—સનેહી.
પ્રાણી દયાને ભજો ગિરિ સાચો, તિર્થંકર નામ નિકાચો;
મોહરાયને લાગે તમાચો, હાંરે શુભ વીર વિમળ-
ગિરી જાચો—સનેહી.

૭૪

શ્રીરે સિદ્ધાચળ ભેટવા, મુજમન અધિક ઉમાયો;
રીખભદેવ પૂજા કરી, લીજે ભવતણો લ્હાવો. શ્રીરે.
મણીમય મુરત શ્રીરીખભની, એની પાએ અભિરામ;
ભુવન કરાવ્યાં કનકનાં, રાખ્યાં ભરતે નામ. શ્રીરે.
નેમ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી;
શેત્રુંજા સમો તીરથ નહિં, બોલ્યા શ્રીમંધર વાણી. શ્રીરે.
પૂર્વ નવાણું સમોસર્યા, સ્વામી શ્રીરીખભ જીણંદ;
રામ પાંડવ મુગતે ગયા, પામ્યા પરમાનંદ. શ્રીરે.
પૂર્વ પુણ્ય પસાઉલે, પુંડરીક ગિરિ પામ્યો;
કાંતીવિજય હરખે કરી, શ્રી સિદ્ધાચળ ગાયો. શ્રીરે.

૭૫

રાગ—સારંગ.

માતા મરૂદેવીના નંદ, દેખી તાહરી મુરતી મારૂં મન લોભાણું જી.
કરૂણા નાગર કરૂણા સાગર કાયા કંચન વાન;

ધોરી લંછન પાઉલે કાંઇ. ધનુષ પાંચસે માન—માતા.

ત્રિગડે બેશી ધર્મ કહંતા, સુણે પરખદા બાર;
જોજન ગામની વાણી મીઠી, વરસંતિ જળ ધાર—માતા.

ઉરવશી રૂડી અપસરાને, રામા છે મન રંગ;
પાયે નેપુર રણુઝણે, કાંઇ કરતી નાટારંભ—માતા.

તુંહી બ્રહ્મા તુંહી વિધાતા, તુંહી જગ તારણુકાર;
તુંજ સરીખો નહિં દેવ જગતમાં અરવડીયા આધાર--માતા.

તુંહી ભ્રાતા તુંહી ત્રાતા, તું જગતનો દેવ;
સુરનર કીન્નર વાસુદેવા, કરતા તુજપદ સેવ--માતા.

શ્રી સિદ્ધાચળ તિરથ કેરો, રાજા રિખભ જીણંદ;
કીર્તિ કરે માણેક મુનિ તાહરી, ટાળો ભવભય ફંદ--માતા.

૭૬
ઉપદેશી પદ.

મુરખો ગાડી દેખી મલકાયે ઉમર તારી રેલતણી પેરે જાયે.

સંસાર રૂપની ગાડી બનીને રાગ દ્વેષ દોય પાટા,
દેહડબ્બાને પલ પલ પઇડાં તેમ ફરે છે આઉખામાં આંટા—મુ.

કર્મ અંજીનમાં કષાય અગ્નિને વિષય વારીમાં ભર્યું,
ત્રસનું ભુંગળું આગળ કર્યું એ તો ચારે ગતિમાં ફર્યું—મુ.

પ્રેમજ રૂપી આંકડા વળગાડયા ને ડબ્બેડબ્બા જોડયા ભાઈ,
પુરવ ભવની ખરચી લઇને ચેતન બેસાડયું બેઠા માંહિં—મુ.

કોઇએ ટીકીટ લીધી નરક તિર્યંચની કોઇએ લીધી મનુષ્ય દેવા,
કોઇએ ટીકીટ લીધી સિદ્ધગતિની પામવા અમૃત મેવા—મુ.

ઘડી ઘડી ઘડીયાલોજ વાગે નીશદીન એમ વહી જાવે,
બોલે સીટી ને ચાલે આગગાડી આડાઅવળા માઇલ આવે—મુ.
આયુષરૂપી આવ્યુંજ સ્ટેશન હુંસલો તે હાલુ હાલુ થાય,
પાપે ભરી પાકીટ લઇ જાતાં કાળકોટ વાલ પકડી જાય—મુ.
લાખ ચોરાશી જીવાયોની માંહિં જીવડો ફરી ફરી આવે,
સદ્દગુરૂને જે ધર્મ આરાધે તે નિચ્ચ શિવ પાવે—મુરખો.

૭૭

રાગ—ભીમપલાસ.

નથી જગતમાં સાથ સંબંધિ વિના ત્રિભુવન નાથ;
શું ફોકટ ફાંફાં મારે મુરખડા ભરે આભથી બાથ—નથી.
કમળ પત્રપર જળબિંદુને સુકાતાં શી વાર,
શ્રાવણની જળ ભરી વાદળીયો વિખરાતાં શી વાર;
જીવતર સમજવું તેવું, આખર નહિં લેવું દેવું;
જીવ જવું છે ખાલી હાથ, અંતમાં પાપ પુણ્ય સંગાથ-નથી.
પંથી જીવ પામી ગયો નરભવ નગર બજાર,
સોદાગર સમજી જઇ કરો પુણ્ય વેપાર.—જીવતર.

૭૮

રાગ—આશાવરી.

પ્રભુ ભજલે મેરા દિલ રાજીરે—પ્રભુ.
આઠ પોહોરકી ચોસઠ ઘડીયાં, દોઘડીયાં જીનસાજી—મેરા.
દાનપુણ્ય કછુ ધર્મકું કરલે, મોહ માયાકું ત્યાગી—મેરા.
આનંદઘન કહે સમજ સમજલે, આખર ખાવેગા બાજી—મેરા.

૭૯

રાગ—ભજન.

જાગી જોને તું જીવડલા અલ્યા જાગી જો જરી.
સુતો શું અભાગી સુખના સ્વપ્નામાં ઠરી (૨), જાગી.
સ્વાર્થનું સગપણુ સંસારે તેમાં મુઢ તું શું લપટાએ.
કહું શું મૂરખડા હજુ માયા ના મરી,
મમતા માયા ના મરી, મનની માયા ના મરી;
ચાહના ચિત્તની ના ચળી, તૃષ્ણા તનની ના ટળી—જાગી.
ફૂરે મરણુનો માથેરે ફેરો, સુકૃત કરીને ભવજળ તરીલે,
માનવ દેહ મોંઘો ઘેલા મળશે ના ફરી,
ગાંડા મળશે ના ફરી, ગુમાની મળશે ના ફરી;
વય તો જાયે છે વહી, ચેતે ચીતમાં કાં નહિં—જાગી.

૮૦

રાગ—સિંહાનો કનરો.

પુરી મનોરથ સાહેબ મેરા,
અહનીશ સમરન કરી હું તેરા—પુરી.
અંતરાય અરિ કરી રહ્યો ઘેરા,
તાકો તતછીન કર હું નિબેરા—પુરી.
ભવ વનમાંહે ભમ્યો બહુ તેરા,
પુન્ય સંજોગે લહ્યો તું મહેરા—પુરી.
ગુણ વિલાસ પ્રભુ ટાળો ફેરા,
દીજે સુપાર્શ્વજી પાસ બડેરા—પુરી.

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થનાર ગૃહસ્થોનાં મુબારક નામ.

નકલ.	નામ.
૩૫	શેઠ છોટાલાલ સવચંદ પ્રેમજી.
૩૦	,, ઝવેરચંદ કલ્યાણજી.
૨૫	,, છોટાલાલ અંદેરજી.
૨૫	પારેખ જુઠા પાનાચંદ.
૨૫	બાબુ દોલતચંદ અમીચંદ.
૨૫	શેઠ મોરારજી મુળજી.
૨૫	,, રૂપજી ધનજી.
૨૫	,, વરજીવન લીલાધર.
૨૫	,, સુંદરજી કલ્યાણજી.
૨૫	શ્રી જૈન મિત્ર સભા તરફથી.
૨૫	શેઠ હરકીસનદાસ રામજી.
૨૫	,, હેમચંદ અમરચંદ.
૨૫	,, મગનભાઈ ધરમચંદ.
૧૫	,, કેશવજી દેવજી.
૧૫	,, ચત્રભુજ ગોરધન.
૧૫	,, જગાભાઇ ભોલીલાલ.
૧૫	,, નરોતમદાસ જગજીવન.
૧૫	,, મકનજી કાનજી.
૧૫	,, મોતીલાલ લલ્લુભાઇ.
૧૫	,, લીલાધર પ્રેમજી.
૧૫	,, વાસણજી વીરજી.

નકલ.	નામ.
૧૦	શેઠ અમરચંદ કાનજી.
૧૦	,, અંદેરજી જુઠા.
૧૦	,, કાનજી વલભજી.
૧૦	બખાઇ કાલીદાસ વસનજી.
૧૦	શેઠ ગંગાદાસ અંદેરજી.
૧૦	,, જમનાદાસ મોરારજી.
૧૦	,, જાદવજી અંદેરજી.
૧૦	,, ઝવેરચંદ અંદેરજી.
૧૦	,, ઝવેરચંદ કરમચંદ.
૧૦	,, ઝવેરચંદ પરમાણંદ.
૧૦	,, ત્રીભોવનદાસ ઇંદેરજી.
૧૦	,, ત્રીભોવન પરશોતમ મોતીવાળા
૧૦	,, ધનજી પુંજાભાઇ
૧૦	,, પ્રાણલાલ કલ્યાણજી
૧૦	,, ફુલચંદ કચરા
૧૦	,, મકનજી જુઠા બી. એ. એલ. એલ. બી.
૧૦	,, મુળચંદ હીરજી
૧૦	,, રામચંદ ઘેલા
૧૦	,, લાલજી ભીમજી
૧૦	,, લાલજી રામજી
૧૦	,, લીલાધર કપુરચંદ
૧૦	,, સવચંદ કચરા

નકલ.	નામ.
૧૦	શેઠ સવચંદ નેમચંદ ડોસી
૧૦	,, હંસરાજ હીરજી
૧૦	,, હીરજી ભીમજી
૭	,, માધવજી કરમચંદ
૫	,, અનંતરાય પરમાણંદ
૫	,, કચરા અમુલખ
૫	,, કચરા વહાલજી
૫	,, કચરા હરખચંદ
૫	,, કાનજી કરસન
૫	,, કેશવજી ચાંપશી.
૫	,, ડા૦ કાળીદાસ ભગવાનદાસ
૫	,, ખખાઇ ખુશાલ શેશકરણ
૫	,, ગલાલચંદ વીરજી
૫	,, ગોવિંદજી વણારશી
૫	,, છગનલાલ રામજી
૫	,, છોટાલાલ હરીદાસ જેચંદ
૫	,, જમનાદાસ મોતીચંદ ભાઉ
૫	,, જેઠા જીવન
૫	,, જાદવજી વીરજી
૫	,, જીવરાજ કચરા
૫	પારેખ ઝવેરચંદ નાનજી
૫	શેઠ તારાચંદ હીરાચંદ
૫	,, તુળશીદાસ મુળજી
૫	,, દેવીદાસ અમરચંદ

નકલ.	નામ.
૫	શેઠ ધરમશી ગોવિંદજી
૫	,, નરોતમ જેચંદ
૫	,, નાગજી મદનજી વકીલ
૫	,, પરશોતમ જાદવજી
૫	,, પ્રાણજીવન નેમચંદ
૫	,, પુરૂષોતમરાય ત્રીકમરાય
૫	માસ્તર પુરૂષોતમ લલ્લુભાઇ
૫	શેઠ પ્રેમજી નાગરદાસ
૫	,, મકનજી જીવન
૫	,, મથુરભાઇ મુલચંદ
૫	,, મદનજી ખુશાલ
૫	,, મુળજી રણછોડ
૫	,, મોતીચંદ પ્રેમજી
૫	,, મણીલાલ અંદેરજી
૫	,, મુળજીભાઇ ભોગીલાલ
૫	,, મોહનલાલ નાગજી વકીલ
૫	,, રામચંદ જેઠા
૫	,, લીલાધર મુલચંદ
૫	,, વીઠુલદાસ મકનજી
૫	,, વીરજી ત્રીકમજી
૫	,, સવચંદ જુઠા
૫	પારેખ સુંદરજી ઝવેરચંદ
૫	શેઠ હરકીસનદાસ મદનજી
૫	,, હેમચંદ જેચંદ

સઘળી હિલચાલમાં જૈન કોમના હિતાર્થે નીડરતાથી
ચર્ચનારું [illegible] અને નીડર
આગેવાન પત્ર

જૈન

આ પત્ર આજ ૩૦ વર્ષથી નીકળે છે, અને તે પ્રતિદિન આગળ વધી જૈન કોમમાં જાગૃતિ આણી છે. તેમાં [illegible] ઉપરાંત [illegible] સુંદર રીતે આવે છે. આ પત્રમાં [illegible] વિદ્વાન મુનિરાજો અને સાક્ષર લેખકોના લેખ [illegible] આપવામાં આવે છે.

દરેક જૈન, જૈન પત્રના ગ્રાહક થવું [illegible] આ પત્ર [illegible] છે [illegible] આ જૈન પત્રનો ફેલાવો [illegible] તો [illegible] ૧૦૦ [illegible] આવશે.

[illegible] નીતિ, [illegible] પ્રકાશન [illegible] જૈન પુસ્તકોની [illegible] આ પત્રને [illegible] આપ્યો છે.

[illegible] જૈન પત્ર [illegible] આફ્રિકા, [illegible] [illegible] પત્રનો ફેલાવો છે, [illegible] આ પત્ર [illegible] વધારે [illegible] જાણીતું થયું.

[illegible] આ પત્ર [illegible] જૈન [illegible] બનાવ [illegible] છે તે જાણો.

[illegible] વાર્ષિક લવાજમ મોકલી આપી ગ્રાહક થાઓ.

મેનેજર—જૈન
[illegible]—મુંબઈ.